**વેચાણ દસ્તાવેજ**
ગામ : ઉત્રાણ
બ્લોક નંબર : ૧૫૪
ટી.પી. સ્કીમ નંબર : ૨૭
ફાયનલ પ્લોટ નંબર : ૬૧
દુકાન નંબર : ........
ક્ષેત્રફળ : .......... ચો.મી.

## —:: વેચાણ દસ્તાવેજ ::—

**અવેજ રૂા........................../—પુરાનો**

આજરોજ તારીખ માહે સને ના અંગ્રેજી દિને શહેર સુરતમાં.....

**<u>—:: એક તરફવાળા યાને વેચાણ રાખનારા ::—</u>**

**શ્રી**
ઉં.આ.વ. : , ધંધો : , ધર્મે : હિન્દુ, **PAN NO. :**
રહે. :

જેમને અહિંયા અને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં એક તરફવાળા અને/અગર લખાવી લેનારા અને/અગર વેચાણ રાખનારા અને/અગર તમો એ રીતે સંબોધવામાં આવેલ છે. જે શબ્દોના અર્થમાં તમો એક તરફવાળા તથા તમારા વંશ, વાલી, વારસો, એક્ઝિક્યુટર્સ, એડમીનીસ્ટ્રેટર્સ, એસાઈનીઝ, અધિકૃત પ્રતિનિધિઓ ઈત્યાદી તમામનો સમાવેશ થાય છે તે એક તરફવાળા વેચાણ રાખનારા...

—:: જોગ લી. ::—

**–:: બીજી તરફવાળા યાને વેચાણ આપનારા ::–**

**" અંજની ઈન્ફ્રા "** એ નામની ભાગીદારી પેઢી,
ઠેકાણુ : ઉત્રાણ કોસાડ રોડ, ઉત્રાણ, સુરતના.... **PAN NO. : AAWFA0376M**
તેના વતી અને તરફે અધિકૃત વહિવટકર્તા ભાગીદાર...
**શ્રી મુકેશભાઈ ડુંગરભાઈ ડાલીયા**
ઉં.આ.વ. : ૩૯, ધંધો : વેપાર, ધર્મે : હિન્દુ,રહે. : એજનના.....

જેમને અહિંયા અને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં બીજી તરફવાળા અને/અગર વેચાણ આપનારા અને/અગર અમો એ રીતે સંબોધવામાં આવેલ છે. જે શબ્દોના અર્થમાં અમો બીજી તરફવાળા અંજની ઈન્ફ્રા ભાગીદારી પેઢીના હાલના તથા વખતો વખતના ભાગીદારો, એક્ઝિકયુટર્સ, એડમીનીસ્ટ્રેટર્સ, એસાઈનીઝ, અધિકૃત પ્રતિનિધિઓ ઈત્યાદી તમામનો સમાવેશ થાય છે તે બીજી તરફવાળા વેચાણ આપનારા...

જત અમો બીજી તરફવાળા, તમો એક તરફવાળા વેચાણ રાખનારને આ વેચાણનો દસ્તાવેજ લખી આપી જણાવીએ છીએ કે :–

રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ સુરત, સબડીસ્ટ્રીકટ તાલુકા સુરત સીટી (હાલ અડાજણ) , ગામ મોજે **ઉત્રાણના રે.સ.નં. ૧૫૪/૧, ૧૫૫, બ્લોક નંબર : ૧૫૪, ટી.પી. સ્કીમ નં. ૨૭ (ઉત્રાણ–કોસાડ)**ના મુળખંડ નંબર : ૫૫, **ફાઈનલ પ્લોટ નંબર : ૬૧** થી નોંધવામા આવેલ બીનખેતીની જમીન ઉપર આવેલ **" એલીટા સ્કવેર "** ઈમારતના " .......... **ફલોર ( મંજુર પ્લાન મુજબ .......... ફલોર )** " પર આવેલ **" દુકાન નંબર : ............ " થી** નોંધવામાં આવેલ મિલકતના અમો બીજી તરફવાળા સંપૂર્ણ અને સ્વતંત્ર માલિક મુખત્યાર છીએ. મજકૂર મિલકત અમો બીજી તરફવાળાનાં સંપૂર્ણ અને સ્વતંત્ર પ્રત્યક્ષ માલિકી ભોગવટા વહીવટપણામાં ચાલી આવેલ છે. અને તેની હરકોઈ પ્રકારની વ્યવસ્થા કરવા/કરાવવાનો અમો બીજી તરફવાળાને સંપૂર્ણ હકક અને અધિકાર છે.

**મજકૂર મિલકતના ટાઈટલ્સ તદન ચોખ્ખા અને માર્કિટેબલ છે, તેનો ઈતિહાસ એવો છે કે...**

મજકુર મોજે ઉત્રાણના રેવન્યુ સર્વે નંબર : ૧૫૪/૧ અને સર્વે નંબર : ૧૫૫ થી નોંધવામા આવેલ જમીન રેવન્યુ દફતરે મગનભાઈ નાથાભાઈ શાહના નામ ઉપર માલિક, વહિવટદાર તરીકે ચાલી આવેલ હતી.

ત્યારબાદ, મજકુર મગનલાલ નાથાભાઈ શાહએ, તેમની મજકુર મોજે ઉત્રાણના

રેવન્યુ સર્વે નંબર : ૧૫૪/૧ અને સર્વે નંબર : ૧૫૫ થી નોંધવામાં આવેલ જમીન, બાલુસિંહ હરીસિંહને, તારીખ : ૨૧/૦૭/૧૯૩૪ ના રોજ વેચાણ આપેલ હતી. જે વેચાણની નોંધ રેવન્યુ દફતરે એન્ટ્રી નંબર : ૧૪૭ થી તારીખ : ૨૨/૦૭/૧૯૩૪ ના રોજ કરવામાં આવેલ હતી. જે એન્ટ્રી ત્યારબાદ પ્રમાણિત કરવામાં આવેલ હતી.

ત્યારબાદ મજકુર જમીન બાલુસિંહ હરીસિંહએ, તેમની મજકુર મોજે ઉત્રાણના રેવન્યુ સર્વે નંબર : ૧૫૪/૧ અને સર્વે નંબર : ૧૫૫ થી નોંધવામાં આવેલ જમીન મોહનસિંહ ભગુભાઈને, તારીખ : ૨૧/૦૭/૧૯૩૪ ના રોજ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ લખી આપીને વેચાણ આપેલ હતી. જે વેચાણની નોંધ રેવન્યુ દફતરે એન્ટ્રી નંબર : ૧૪૮ થી તારીખ : ૦૮/૦૮/૧૯૩૪ ના રોજ કરવામાં આવેલ હતી. જે એન્ટ્રી ત્યારબાદ પ્રમાણિત કરવામાં આવેલ હતી.

ત્યારબાદ મજકુર મોહનસિંહ ભગુભાઈ, તારીખ : ૧૩/૦૫/૧૯૬૨ ના રોજ કે તે અરસામાં અવસાન પામતા, પેઢીનામું, પંચકયાસ તેમજ પક્ષકારોએ આપેલ જવાબો અને સંમતિ મુજબ, રેવન્યુ દફતરેથી, મર્હુમ મોહનસિંહ ભગુભાઈનુ નામ કમી કરીને, તેના સ્થાને, તેમના વારસાદાર પુત્ર ઇન્દ્રસિંહ મોહનસિહનું નામ, મજકુર મોજે ઉત્રાણના રેવન્યુ સર્વે નંબર : ૧૫૪/૧ અને સર્વે નંબર : ૧૫૫ થી નોંધવામાં આવેલ જમીનના માલીક, કબજેદાર તરીકે દાખલ કરવામાં આવેલ હતુ. મજકુર વારસાઈ ની નોંધ, રેવન્યુ દફતરે, એન્ટ્રી નંબર : ૫૫૮ થી તારીખ : ૨૪/૦૭/૧૯૬૨ ના રોજ કરવામાં આવેલ હતી. જે એન્ટ્રી ત્યારબાદ તારીખ : ૧૨/૦૪/૧૯૬૩ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ હતી.

ત્યારબાદ સેલ્સટેક્ષની વસુલાત માટે ના બોજાની નોંધ રેવન્યુ દફતરે બીજા હકકમાં કરવામાં આવેલ હતી. જેની નોંધ રેવન્યુ દફતરે એન્ટ્રી નંબર : ૫૫૯ થી તારીખ : ૦૪/૧૨/૧૯૬૨ ના રોજ કરવામાં આવેલ હતી. જે એન્ટ્રી ત્યારબાદ તારીખ : ૧૨/૦૪/૧૯૬૩ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ હતી. ત્યારબાદ સેલ્સટેક્ષ રીકવરી મામલતદારના તારીખ : ૨૨/૦૩/૧૯૬૩ ના હુકમ અન્વયે મજકુર બોજાની નોંધ કમી કરવામાં આવેલ હતી. જે અંગેની નોંધ રેવન્યુ દફતરે, એન્ટ્રી નંબર : ૫૬૯ થી તારીખ : ૦૪/૦૬/૧૯૬૩ ના રોજ કરવામાં આવેલ હતી, એન્ટ્રી ત્યારબાદ તારીખ : ૦૨/૦૮/૧૯૬૪ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ હતી.

ત્યારબાદ એકત્રીકરણ યોજના અન્વયે મજકુર મોજે ઉત્રાણના રેવન્યુ સર્વે નંબર : ૧૫૪/૧ અને સર્વે નંબર : ૧૫૫ થી નોંધવામાં આવેલ જમીનને બ્લોક નંબર : ૧૫૪ આપવામાં આવેલ હતો. અને તેનુ ક્ષેત્રફળ હે. ૦, આરે ૫૨, ૬૧ ચોરસ મીટર નોંધવામાં આવેલ હતુ. જેની નોંધ રેવન્યુ દફતરે એન્ટ્રી નંબર : ૮૯૬ થી તારીખ : ૧૬/૦૭/૧૯૮૨ થી કરવામાં આવેલ હતી. જે એન્ટ્રી ત્યારબાદ તારીખ : ૦૧/૦૩/૧૯૮૩ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ હતી.

ત્યારબાદ મજકુર ઈન્દ્રસિંહ મોહનસિંહ સોલંકીએ કરેલ અરજીના અનુસંધાનમાં મજકુર મોજે ઉત્રાણના રેવન્યુ બ્લોક નંબર : ૧૫૪, સર્વે નંબર : ૧૫૪/૧+૧૫૫ થી નોંધવામાં

આવેલ જમીનના સહમાલિકો તરીકે તેમના પુત્રો મહેન્દ્રસિંહ ઈન્દ્રસિંહ સોલંકી અને કિશોરસિંહ ઈન્દ્રસિંહ સોલંકીના નામો, રેવન્યુ દફતરે, સામાયિકપણામાં દાખલ કરવામાં આવેલ હતા. જે ફેરફારની નોંધ રેવન્યુ દફતરે એન્ટ્રી નંબર : ૧૬૩૯ થી તારીખ : ૦૩/૦૭/૨૦૦૧ ના રોજ કરવામાં આવેલ હતી. જે એન્ટ્રી ત્યારબાદ તારીખ : ૦૬/૦૮/૨૦૦૧ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ હતી.

ત્યારબાદ સહમાલિકો પૈકીના ઈન્દ્રસિંહ મોહનસિંહ સોલકી, તારીખ : ૨૪/૦૨/૨૦૦૬ ના રોજ કે તે અરસામાં અવસાન પામતા, વારસદારો અને પક્ષકારોએ આપેલ જવાબો અને સંમતી મુજબ રેવન્યુ દફતરેથી મર્હુમ ઈન્દ્રસિંહ મોહનસિંહ સોલંકીનુ નામ કમી કરીને તેમના સીધી લીટીના વારસદારો તરીકે મહેન્દ્રસિંહ ઈન્દ્રસિંહ સોલંકી, કિશોરસિંહ ઈન્દ્રસિંહ સોલંકી તેમજ વસંતબેન ઈન્દ્રસિંહ, અરૂણાબેન ઈન્દ્રસિંહ અને પ્રવિણાબેન ઈન્દ્રસિંહ ના નામો મજકુર ગામ મોજે ઉત્રાણના રેવન્યુ બ્લોક નંબર : ૧૫૪, સર્વે નંબર : ૧૫૪/૧+૧૫૫ થી નોંધવામાં આવેલ અને જમીનના માલિક, કબજેદારો તરીકે દાખલ કરવામાં આવેલ હતા. મજકુર વારસાઈની નોંધ રેવન્યુ દફતરે એન્ટ્રી નંબર : ૧૯૬૫ થી તારીખ : ૨૯/૦૩/૨૦૦૬ ના રોજ કરવામાં આવેલ હતી. જે એન્ટ્રી ત્યારબાદ તારીખ : ૧૮/૧૧/૨૦૦૬ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ હતી.

મજકુર ઉત્રાણ ગામનો સુરત શહેરી વિસ્તારમાં સમાવેશ કરવામાં આવતા, ઉત્રાણ ગામ સમસ્તનું રેવન્યુ દફતર, સુરત સીટી તાલુકામાં સમાવિષ્ટ કરવામાં આવેલ હતુ. જેની નોંધ રેવન્યુ દફતરે એન્ટ્રી નંબર : ૨૦૫૧ અને ૨૦૫૨ થી તારીખ : ૨૬/૧૨/૨૦૦૬ અને તારીખ : ૨૨/૧૨/૨૦૦૬ ના રોજ કરવામાં આવેલ હતી. જે એન્ટ્રી ત્યારબાદ તારીખ : ૨૭/૧૨/૨૦૦૬ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ હતી.

ત્યારબાદ સહમાલિકો પૈકીના વસંતબેન ઈન્દ્રસિંહ, અરૂણાબેન ઈન્દ્રસિંહ અને પ્રવિણાબેન ઈન્દ્રસિંહએ મજકુર મોજે ઉત્રાણના રેવન્યુ બ્લોક નંબર : ૧૫૪, સર્વે નંબર : ૧૫૪/૧+૧૫૫ થી નોંધવામાં આવેલ પૈકીનો તેમનો હકક, હિસ્સો ઉઠાવી લેતા અને મહેન્દ્રસિંહ ઈન્દ્રસિંહ સોલંકી, કિશોરસિંહ ઈન્દ્રસિંહ સોલંકી ની તરફેણમાં છોડી દેતા, જતો કરતા, પંચકયાસ, તથા પક્ષકારોએ આપેલ જવાબો અને સંમતિ મુજબ રેવન્યુ દફતરેથી મજકુર વસંતબેન ઈન્દ્રસિંહ, અરૂણાબેન ઈન્દ્રસિંહ અને પ્રવિણાબેન ઈન્દ્રસિંહ ના નામો કમી કરવામાં આવેલ હતા. અને મજકુર ગામ મોજે ઉત્રાણના રેવન્યુ સર્વે નંબર : ૧૫૪, સર્વે નંબર : ૧૫૪/૧+૧૫૫ થી નોંધવામાં આવેલ પુરેપુરી જમીન, મહેન્દ્રસિંહ ઈન્દ્રસિંહ સોલંકી, કિશોરસિંહ ઈન્દ્રસિંહ સોલંકી ના નામો ઉપર દાખલ કરવામાં આવેલ હતી. જેની નોંધ રેવન્યુ દફતરે, એન્ટ્રી નંબર : ૨૦૭૯ થી તારીખ : ૧૭/૦૫/૨૦૦૭ ના રોજ કરવામાં આવેલ હતી. જે એન્ટ્રી ત્યારબાદ તારીખ : ૨૨/૦૧/૨૦૦૮ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ હતી.

રેવન્યુ દફતરે કોમ્પ્યુટરાઈઝેન દરમ્યાન રેવન્યુ દફતરે ૭/૧૨ માં એન્ટ્રી નંબર :

૧૬૩૯ નો ઉલ્લેખ કરવાનો રહી ગયેલ હોઈને મામલતદાર સુરતસીટીના હુકમ ક્રમાંક : જમન / પ્રમોલગેશન / સુધારા હુકમ / મોજ ઉત્રાણ / રજી. ૧૦૨ / ૦૮, તારીખ : ૦૫/૦૭/૨૦૦૮ અન્વયે, જરૂરી સુધારો કરવામાં આવેલ હતો. જે અંગેની નોંધ રેવન્યુ દફતરે એન્ટ્રી નંબર : ૨૧૬૩ થી તારીખ : ૨૯/૦૭/૨૦૦૮ ના રોજ કરવામાં આવેલ હતી. જે એન્ટ્રી ત્યારબાદ તારીખ : ૦૪/૦૯/૨૦૦૮ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ હતી.

ત્યારબાદ ટી.પી.સ્કીમ નંબર : ૨૭ (ઉત્રાણ–કોસાડ) (પ્રિલિમિનરી) જાહેર થતા, પ્રારંભિક રીતે, મજકુર મોજે ઉત્રાણના રેવન્યુ બ્લોક નંબર : ૧૫૪, સર્વે નંબર : ૧૫૪/૧+૧૫૫ થી નોંધવામાં આવેલ જમીનને મુળખંડ ૫૫ અને ફાયનલ પ્લોટ નંબર : ૫૫/૧ અને ૫૫/૨ ફાળવવામાં આવેલ હતા. ત્યારબાદ મજકુર જમીનને રીડ્રીસ્ટ્રીબ્યુશન અન્વયે, નવા ફાઈનલ પ્લોટ નંબર : ૬૦ અને ૬૧ આપવામાં આવેલ હતા. જે મુજબ ફાયનલ પ્લોટ નંબર : ૬૦ નું ક્ષેત્રફળ ૨૧૯૦.૦૦ ચોરસ મીટર અને ફાઈનલ પ્લોટ નંબર : ૬૧ નું ક્ષેત્રફળ ૧૨૩૦.૦૦ ચોરસ મીટર નક્કી કરવામાં આવેલ છે.

ત્યાર બાદ રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ સુરત, સબડીસ્ટ્રીકટ તાલુકા સુરત સીટી (હાલ અડાજણ) , ગામ મોજે **ઉત્રાણના બ્લોક નંબર : ૧૫૪, રે.સ.નં. ૧૫૪/૧+૧૫૫** થી નોંધવામાં આવેલ જમીન, કે જેનો **ટી.પી. સ્કીમ નં. ૨૭ (ઉત્રાણ–કોસાડ)** માં સમાવેશ થતા તેને મુળખંડ નંબર : ૫૫, અને **ફાઈનલ પ્લોટ નંબર ૬૦ અને ફાઈનલ પ્લોટ નંબર ૬૧ ફાળવવામાં આવેલ છે તે પૈકી ફા. પ્લોટ નંબર : ૬૧ વાળી, ફાઈનલ પ્લોટ મુજબ ૧૨૩૦.૦૦ ચોમી. ( રેવન્યુ દફતરે મુજબના ફાળે પડતા ૧૮૯૧.૭૫ ચોરસ મીટર ) ના ક્ષેત્રફળ વાળી જમીન** (૧) મહેન્દ્રસિંહ ઈન્દ્રસિંહ સોલંકી તેમજ (૨) કિશોરસિંહ ઈન્દ્રસિંહ સોલંકીએ (૧) વિજયભાઈ નાનજીભાઈ ગોળવીયા તેમજ (૨) મુકેશભાઈ ડુંગરભાઈ ડાલીયાને રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ. જે અંગેનો વેચાણ દસ્તાવેજ મહે. સુરતના સબ–રજીસ્ટ્રાર સુરત–૮ (રાંદેર) સાહેબની કચેરીમાં અનુક્રમ નંબર : ૬૨ થી તારીખ : ૨૨/૦૧/૨૦૧૪ ના રોજ નોંધાયેલ છે. મજકુર વેચાણની નોંધ રેવન્યુ દફતરે એન્ટ્રી નંબર : ૨૫૭૧ થી તારીખ : ૧૪/૦૩/૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ હતી. જે એન્ટ્રી ત્યારબાદ તારીખ : ૧૩/૦૫/૨૦૧૪ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ હતી.

ત્યાર બાદ મહે. કલેકટર, સુરતએ, તેમના હુકમ ક્રમાંક : એ/બખપ/ રી.એસ.આર.નં. ૮૩/૧૫/**ID NO.16784**/વશી.૧૫૪૭ થી ૧૫૬૦/૧૨ તારીખ : ૧૩/૦૫/૨૦૧૫ થી મજકુર રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ સુરત, સબડીસ્ટ્રીકટ તાલુકા સુરત સીટી (હાલ અડાજણ) , ગામ મોજે **ઉત્રાણના રે.સ.નં. ૧૫૪/૧, ૧૫૫,** બ્લોક નંબર : **૧૫૪, ટી.પી. સ્કીમ નં. ૨૭ (ઉત્રાણ–કોસાડ)**ના મુળખંડ નંબર : ૫૫, **ફાઈનલ પ્લોટ નંબર ૬૧** વાળી જમીનના વાણિજય હેતુસર બીનખેતી ઉપયોગની પરવાનગી આપેલ. જે અંગેના ફેરફારની નોંધ મજકુર જમીનનાં ગામ દફતરે રેકર્ડ ઓફ રાઈટસ(હકક પત્રક) નમુના નંબર : ૬ માં નોંધ નંબર : ૨૬૩૬ થી તારીખ

: ૧૨/૦૬/૨૦૧૫ નાં રોજ થયેલ છે. જે નોંધ તારીખ : ૦૬/૦૮/૨૦૧૫ નાં રોજ પ્રમાણીત કરેલ છે.

ઉપરોકત વિગતે ૧. વિજયભાઈ નાનજીભાઈ ગોળવીયા તેમજ ૨. મુકેશભાઈ ડુંગરભાઈ ડાલીયા રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ સુરત, સબડીસ્ટ્રીકટ તાલુકા સુરત સીટી (હાલ અડાજણ) , ગામ મોજે **ઉત્રાણના રે.સ.નં. ૧૫૪/૧, ૧૫૫, બ્લોક નંબર : ૧૫૪, ટી.પી. સ્કીમ નં. ૨૭ (ઉત્રાણ–કોસાડ)**ના મુળખંડ નંબર : ૫૫, **ફાઈનલ પ્લોટ નંબર ૬૧** વાળી જમીન થી નોંધવામા આવેલ બીનખેતીની સુપંર્ણ પુરેપુરી જમીનના સંપુર્ણ માલીક, કબજેદાર, વહીવટદાર બનેલા.

ત્યાર બાદ ૧. વિજયભાઈ નાનજીભાઈ ગોળવીયા તેમજ ૨. મુકેશભાઈ ડુંગરભાઈ ડાલીયાએ રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ સુરત, સબડીસ્ટ્રીકટ તાલુકા સુરત સીટી (હાલ અડાજણ) , ગામ મોજે **ઉત્રાણના રે.સ.નં. ૧૫૪/૧, ૧૫૫, બ્લોક નંબર : ૧૫૪, ટી.પી. સ્કીમ નં. ૨૭ (ઉત્રાણ–કોસાડ)**ના મુળખંડ નંબર : ૫૫, **ફાઈનલ પ્લોટ નંબર ૬૧** થી નોંધવામા આવેલ બીનખેતીની સુપંર્ણ પુરેપુરી જમીન બિનશરતી અને ફેરબદલ ન કરી શકાય તેવી મંજુરીથી પોતાની મુડી તરીકે **" અંજની ઈન્ફ્રા "** ભાગીદારી પેઢીમાં લાવેલ. જે અંગેનો પુરવણી ભાગીદારીનો દસ્તાવેજ મહે. સબરજીસ્ટ્રાર સાહેબ સુરત-૪( કતારગામ ) સાહેબની કચેરીમાં તા.૧૬/૦૯/૨૦૧૫ ના રોજ અનુક્રમ નંબર : ૧૮૮૦૪ થી નોંધાયેલ છે. જે અંગેના ફેરફારની નોંધ મજકુર જમીનનાં ગામ દફતરે રેકર્ડ ઓફ રાઈટસ(હકક પત્રક) નમુના નંબર : ૬ માં નોંધ નંબર : ૨૬૫૮ થી તારીખ : ૧૯/૧૦/૨૦૧૫ નાં રોજ થયેલ છે. જે નોંધ તારીખ : ૧૧/૧૨/૨૦૧૫ નાં રોજ પ્રમાણીત કરેલ છે.

સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનએ, મજકુર જમીનના બાંધકામ અને વિકાસના પ્લાનો મંજુર કરીને, કોમર્શીયલ બાંધકામ અને વિકાસની પરવાનગી, બાંધકામ રજાચિઠ્ઠી નંબર : **T.D.O./DP/NO. 79**, તારીખ : ૩૦/૦૫/૨૦૧૫ થી આપેલ છે.

ત્યાર બાદ **" અંજની ઈન્ફ્રા "** ભાગીદારી પેઢી વતી અને તરફે અધિકૃત વહિવટકર્તા ભાગીદાર **શ્રી મુકેશભાઈ ડુંગરભાઈ ડાલીયા** અને **વિજયભાઈ નાનજીભાઈ ગોળવીયાએ** રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ સુરત, સબડીસ્ટ્રીકટ તાલુકા સુરત સીટી (હાલ અડાજણ) , ગામ મોજે **ઉત્રાણના રે.સ.નં. ૧૫૪/૧, ૧૫૫, બ્લોક નંબર : ૧૫૪, ટી.પી. સ્કીમ નં. ૨૭ (ઉત્રાણ–કોસાડ)**ના મુળખંડ નંબર : ૫૫, **ફાઈનલ પ્લોટ** નંબર ૬૧ થી નોંધવામા આવેલ બીનખેતીની સંપુર્ણ પુરેપુરી જમીન ઉપર આવેલ **" એલીટા સ્કેવર "** માં આવેલ દુકાનો અંગેના સાટાખત, વેચાણ કરારો, વેચાણ દસ્તાવેજો, લખાણોમાં તેમણે કરેલ સહીઓ, મતાની કબુલાત માટે તેમજ સાટાખત, વેચાણ કરારો, વેચાણ

દસ્તાવેજો, લખાણો સબરજીસ્ટ્રાર કચેરીમાં રજુ કરવા માટે **શ્રી રમેશભાઈ વિરજીભાઈ ડુંમરને** સ્પેશીયલ પાવર ઓફ એટર્ની લખી આપેલ છે. જે સ્પેશીયલ પાવર ઓફ એટર્ની મહે. સુરતના સબ–રજીસ્ટ્રાર–૪ (કતારગામ) સાહેબની કચેરીમાં મેન્યુલી અનુક્રમ નંબર : ૪૩૦ થી તારીખ : ૨૪/૦૮/૨૦૧૫ ના રોજ નોંધાયેલ છે.

એણી વિગતે, અમો બીજી તરફવાળા, રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ સુરત, સબડીસ્ટ્રીકટ તાલુકા સુરત સીટી (હાલ અડાજણ) , ગામ મોજે **ઉત્રાણના રે.સ.નં. ૧૫૪/૧, ૧૫૫, બ્લોક નંબર : ૧૫૪, ટી.પી. સ્કીમ નં. ૨૭ (ઉત્રાણ–કોસાડ)**ના મુળખંડ નંબર : ૫૫, **ફાઈનલ પ્લોટ નંબર ૬૧** થી નોંધવામા આવેલ બીનખેતીની સંપુર્ણ પુરેપુરી જમીનકના સંપુર્ણ માલીક, કબજેદાર, વહીવટદાર બનેલા છીએ, અને તેની ઉપર અમો બીજી તરફવાળાએ " **એલીટા સ્કવેર** " નામથી ઈમારતનું બાંધકામ કરેલ છે. એણી વિગતે, અમો બીજી તરફવાળા " **અંજની ઈન્ફ્રા** " ભાગીદારી પેઢીથી મજકુર મિલકતના ટાઈટલ્સ સંપૂર્ણ બને છે.

મજકુર રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ સુરત, સબડીસ્ટ્રીકટ તાલુકા સુરત સીટી (હાલ અડાજણ) , ગામ મોજે **ઉત્રાણના રે.સ.નં. ૧૫૪/૧, ૧૫૫, બ્લોક નંબર : ૧૫૪, ટી.પી. સ્કીમ નં. ૨૭ (ઉત્રાણ–કોસાડ)**ના મુળખંડ નંબર : ૫૫, **ફાઈનલ પ્લોટ નંબર ૬૧** થી નોંધવામા આવેલ બીનખેતીની જમીન ઉપર આવેલ " **એલીટા સ્કવેર** " ઈમારતના ટાઈટલ્સ, બાંધકામના પ્લાન, રજાચિઠ્ઠી, બાંધકામ, ફીટીંગ્સ, ઈલેકિટ્રક ફીટીંગ્સ, ટાઈલ્સ, દુકાનની સાઈઝ, કોમન ફેસીલીટીઝ ઈત્યાદી તમામ બાબતોની તમો એક તરફવાળાએ જાતે તેમજ તે બાબતોના નિષ્ણાંતો દ્વારા જાણકારી મેળવીને જોઈ તપાસીને, તમામ બાબતોની ખાતરી કરી/કરાવી લઈને તથા કબૂલ મંજૂર રાખીને, મજકૂર " **એલીટા સ્કવેર** " ઈમારતના " ............. **ફલોર ( મંજુર પ્લાન મુજબ .......... ફલોર )** " ઉપર આવેલ " **દુકાન નંબર : ........** " થી નોંધવામાં આવેલ મિલકત વેચાણ રાખવાનું નકકી કરેલ, અને તે " **દુકાન નંબર : .........** " થી નોંધવામાં આવેલ મિલકત, અમો બીજી તરફવાળા વેચાણ આપનારાએ, તમો એક તરફવાળાને **રૂ................../– અંકે રૂપિયા .....................................** પુરાના કિંમતી વેજ બદલ વેચાણ આપવાનું નકકી કરેલ હતું, તેનો આ વેચાણનો દસ્તાવેજ અમો બીજી તરફવાળા, તમો એક તરફવાળા વેચાણ રાખનારની તરફેણમાં લખી/કરી આપીએ છીએ. મજકૂર તમો એક તરફ વાળાને વેચાણ આપેલ મિલકતનું સંપુર્ણ વર્ણન નીચે પરિશિષ્ટમાં વર્ણવામાં આવેલ છે. મજકૂર તમોને વેચાણ આપેલ તથા નીચે પરિશિષ્ટમાં વર્ણવામાં આવેલ મિલકત હવેપછી આ દસ્તાવેજમાં "મજકૂર મિલકત" અને/અગર "મજકૂર વેચાણ આપેલ મિલકત" એ રીતે સંબોધવામાં આવેલ છે સહી.

મજકૂર તમો એક તરફવાળાને વેચાણ આપેલ મિલકતના વેચાણ અવેજનાં નાણાં તમો એક તરફવાળા તરફથી, અમોને નીચેની વિગતે ચુકતે મળેલ છે.

| રકમ | વિગત |
|---|---|
| રૂા. | |
| રૂા. | |

ઉપરની વિગતે વેચાણ અવેજના ચૂકતે નાણાં રૂા....................../– **અંકે રૂપિયા** ..............................પુરા, તમો એક તરફવાળા પાસેથી પૂરેપૂરા અમો બીજી તરફવાળાને મળી ગયેલ છે, તેની અમો બીજી તરફવાળા આ વેચાણ દસ્તાવેજ થકી પહોંચ સ્વીકારીએ છીએ તથા રસીદ આપીએ છીએ. ભવિષ્યમાં નાણાં ઓછા મળ્યા બદલ કે ન મળ્યા બદલ કે અવેજ ઓછો મળ્યા બદલની અમો બીજી તરફવાળાએ કોઈ તર–તકરાર કરવા/કરાવવાની નથી તેમ છતાં કરીએ/કરાવીએ તો તે ચાલે નહી અને તે આથી રદબાતલ થાય સહી ગણાય સહી.

ઉપરની વિગતે વેચાણ અવેજના ચૂકતે નાણાં અમો બીજી તરફવાળાએ તમો એક તરફવાળા પાસેથી ચૂકતે મેળવી લઈને આ વેચાણ દસ્તાવેજ તમો એક તરફવાળાની તરફેણમાં કરી આપેલ છે, તથા મજકૂર મિલકતના સંપૂર્ણ અને સ્વતંત્ર માલિક બનાવીને, મજકૂર મિલકત તમો એક તરફવાળાના સંપૂર્ણ અને સ્વતંત્ર માલિકી, કબજા, ભોગવટા, વહીવટપણામાં સોંપી દીધેલ છે સહી. મજકૂર મિલકતમાં તમો વસો/વસાવો, અગર કોઈપણ પ્રકારની વ્યવસ્થા કરો/કરાવો, અગર તમારી મરજી મુજબ ગીરવી, વેચાણ કે બક્ષિસ ઈત્યાદી હરકોઈ પ્રકારે તેની વ્યવસ્થા કરવા/કરાવવા તમો એક તરફવાળા તથા તમારા વંશ વાલી વારસો સંપૂર્ણ અને સ્વતંત્ર માલિક મુખત્યાર, હકકદાર, કબજેદાર થયા છો સહી.

મજકૂર તમો એક તરફવાળાને વેચાણ આપેલ મિલકત તદન નબોજી, નકરજી, ચોખ્ખા માર્કિટેબલ ટાઈટલ વાળી છે અને તે મિલકત અમો બીજી તરફવાળાએ તમો એક તરફવાળા વેચાણ રાખનાર સિવાય અન્ય કોઈને વેચાણ આપી નથી કે કોઈને ગીરવી, બક્ષિસ કે સાટાખતથી લખી આપેલ નથી, કે તે સરકારી કચેરીઓના પ્રકરણમાં સંડોવાયેલી નથી, કે કોઈનજામીન તરીકે લખી આપેલ નથી, કે તેના ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો ચાર્જ કે બોજો નથી, તેની સંપૂર્ણ ખાત્રી તમો એક તરફવાળાને કરાવી આપેલ છે અને તે તમામ તમો એક તરફવાળાએ કબુલ, મંજુર રાખીને મજકૂર જમીન/મિલકત વેચાણ રાખેલ છે. તેમજ મજકૂર વેચાણ આપેલ મિલકતના ટાઈટલસ અંગેના જુના દસ્તાવેજો, રેવન્યું દફતરની નકલો, પરવાનગીઓ, બાંધકામ પ્લાન, રજાચિઠ્ઠી, તેમજ અન્ય તમામ સાહિત્યની નકલો, તમો એક

તરફવાળાને સુપરત કરેલ છે. આથી તેવા ટાઈટલ્સ અંગેના દસ્તાવેજો, સાહિત્ય અંગેની હવે પછી કોઈપણ પ્રકારની માંગણી કે તર-તકરાર તમો એક તરફવાળાએ કરવા/કરાવવાની નથી અને તેનો તમો એક તરફવાળાએ સ્વીકાર કરેલો છે સહી.

તમો એક તરફવાળા વેચાણ રાખનારને અમો બીજી તરફવાળાએ નીચે પરિશિષ્ટમાં જણાવેલ વર્ણન/વિગત વાળો માત્ર બાંધકામ વાળો હિસ્સો, મજકુર મિલકતની ઈમારત તળેની જમીનના વણવહેંચાયેલ હિસ્સા તથા સહીયારા વપરાશની જગ્યાના વપરાશના હકકો સાથેનો જ ફકત વેચાણ આપેલ છે. આથી તમો એક તરફવાળાને વેચાણ આપેલ મિલકતની આગળ પાછળ આજુબાજુ, નીચે-ઉપરની તરફે આવેલ બ્લોકસ, અન્ય દુકાનો, ખુલ્લી જગ્યા તેમજ સમગ્ર કોમ્પલેક્ષની બાકીની જગ્યા, મિલકત ઈત્યાદીમાં આ દસ્તાવેજ દ્વારા સ્પષ્ટ રીતે આપવામાં આવેલા હકક સિવાયના કોઈપણ પ્રકારનો હકક, હિસ્સો કે અધિકાર તમો એક તરફ વાળાનો છે નહી, રહેશે નહી કે ગણાશે નહી. તેમજ અમો બીજી તરફવાળા ઈમારતની અગાસી વાળી જગ્યા/મિલકત અન્ય કોઈપણને ઉપયોગ, ઉપભોગ કે વપરાશ માટે લીઝ, વેચાણ કે અન્ય રીતે આપી શકીશું સહી, તબદીલ કરી શકીશું સહી. ભવિષ્યમાં આખી મિલકત અંગે વધારાની એફ. એસ. આઈ. મળે કે મંજૂર થાય તો અમો બીજી તરફવાળા મજકૂર વધારાનું બાંધકામ કરી/કરાવીને વેચાણ આપી શકીશું સહી. મજકૂર તમામનો તમો એક તરફવાળાએ સ્પષ્ટ રીતે સ્વીકાર કરીને, કબુલ-મંજુર રાખીને મજકૂર મિલકત વેચાણ રાખેલ છે.

તમો એક તરફવાળા કે અન્ય દુકાન હોલ્ડર્સ, મજકૂર "**એલીટા સ્કવેર**" ઈમારતોના કલર એલીવેશનમાં કોઈપણ પ્રકારનો ફેરફાર કરી/કરાવી શકશે નહી, તેનો તમો એક તરફવાળાએ સ્પષ્ટ રીતે સ્વીકાર કરીને કબુલ મંજુર રાખેલ છે સહી. મજકૂર "**એલીટા સ્કવેર**" વાળી ઈમારતોમાં આવેલ પાણીની ટાંકીઓ, બોરીંગ તથા અંડરગ્રાઉન્ડ પાણીની ટાંકીના વોટર પંપ, લીફટ, વગેરે કોમન ફેસીલીટીઝની જાળવણી, મેઈન્ટેનન્સ, રીપેરીંગ ખર્ચ, વિજળી વપરાશના બિલો, પાર્કીંગ, પેસેઝ, દાદર, ઈત્યાદીની સાફ-સફાઈ ખર્ચ, પાર્કીંગ અંગેનો મ્યુનિસિપલ વેરો વગેરે તમામ ખર્ચાઓ, વેરાઓ, ચાર્જીસ વગેરે, તેમજ મજકૂર "**એલીટા સ્કવેર**" સંપુર્ણ ઈમારતની સહિયારી સગવડતાઓ જેવી કે આંતરિક રસ્તાઓ, કમ્પાઉન્ડ વોલ તથા લાઈટસ, કોમન લાઈટો, વગેરેની જાળવણી, મેઈટેનન્સ રીપેરીંગ અને વપરાશી ખર્ચ, સીકયુરીટીઝ, કોમન એરીયાની સફાઈ વગેરે જાળવણી તથા વપરાશી ખર્ચ, વેરાઓ, ચાર્જીસ વગેરે ખર્ચાઓ, તમો એક તરફ વાળા તથા બાકીના સભ્યો, કબજેદાર, માલિકોએ ફાળે પડતો ચુકવવાનો/ ભોગવવાનો રહેશે સહી.

મજકુર તમો એક તરફવાળાને વેચાણ આપેલ મિલકતનુ નકકી થયા મુજબનું તમામ પ્રકારની કોમન ફેસીલીટીઝ સાથેનું બાંધકામ પુર્ણ કરવામાં આવેલ છે અને મજકુર મિલકત અંગે કોઈ પ્રકારની બાંધકામ, ફીટીંગ્સ, ફીકસચર્સ, ઈલેકટ્રીફીકેશન, સેનીટેશન કે તેને સંલગ્ન કોઈ કામગીરી બાકી નથી. તેમજ મજકુર બાંધકામ અને તેની સંલગ્ન તમામ કામગીરી બાબતે તમો એક તરફવાળાને સંપુર્ણ સંતોષ થયેલ છે અને તે તમામ તમો એક તરફવાળાએ જાતે તથા તે બાબતોના નિષ્ણાંત જાણકારો પાસે તપાસ કરી/કરાવીને ખાતરી કરી/કરાવીને જોઈ-તપાસી લઈને મિલકતનો પ્રત્યક્ષ કબજો મેળવેલ છે.

તમો તરફવાળા તેમજ ઈમારતના અન્ય માલિક, કબજેદારો દુકાનના આર.સી.સી ફ્રેમ સ્ટ્રકટરને નુકશાન થાય તે પ્રકારની કોઈપણ તોડ-ફોડ, ફેરફાર, સુધારો-વધારો અમો બીજી તરફવાળા તથા અમારા આર્કિટેકટની લેખીત પુર્વ-મંજુરી વીના કરી/કરાવી શકશો નહીં. આજદીન બાદ કુદરતી આપતિઓ જેવી કે ધરતીકંપ, નદી કે વરસાદના પૂર, ભુકંપ, આગ, વાવાઝોડું વગેરે તથા માનવ સર્જિત આપતિઓ જેવી કે રમખાણો, તોફાનો, આગજની, બાંધકામમાં ફેરફાર કરવા માટે કરવામાં આવતી તોડફોડ વગેરેને કારણે બાંધકામને નુકશાન થાય કે કોઈ જાનહાનિ થાય તો તેની સંપૂર્ણ જવાબદારી તમો એક તરફવાળાની રહેશે સહી, ગણાશે સહી. તથા તે અંગે અમો બીજી તરફવાળાની પ્રત્યક્ષ કે પરોક્ષ કોઈપણ રીતે, કોઈપણ પ્રકારની આર્થિક, ટેકનીકલ કાયદાકીય જવાબદારી રહેશે નહી, ગણાશે નહી. અને તેનો તમો એક તરફવાળાએ સ્પષ્ટ રીતે સ્વીકાર કરીને, કબુલ મંજુર રાખેલ છે સહી.

મજકૂર " એલીટા સ્કવેર " ઈમારતના વહીવટ, દેખરેખ અને જાળવણી માટે જો કોઈ એસોસિએશન કે સોસાયટી કે સર્વીસ સોસાયટીની રચના કરવામાં આવે તો તમો એક તરફવાળાએ તથા અન્ય દુકાન હોલ્ડરો, કબજેદારો, વપરાશકારો ફરજીયાત રીતે તેના સભાસદ બનવાનું રહેશે તથા તેની રચના અંગે જે કોઈ ખર્ચ થાય તેમાં તમારા હીસ્સે પડતા ખર્ચની રકમ/નાણાં તમોએ ચુકવવાના રહેશે તથા ઘડવામાં આવતા નિતી નિયમોનું પાલન કરવાનું રહેશે તથા નિયત કરવામાં આવે તેવી મેઈન્ટેનન્સ ખર્ચની રકમ/નાણાં નિયમિત રીતે તમોએ ચુકવવાના રહેશે.

મજકૂર તમો એક તરફવાળાને વેચાણ આપેલ મિલકત અંગેના તમામ સરકારી વેરાઓ, સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના વેરાઓ, શિક્ષણ ઉપકરણ, વગેરે તમામ પ્રકારના વેરાઓ ફાળાઓ, ચાર્જીસ ભરપાઈ કરવામાં આવેલ છે. મજકૂર મિલકત અંગના હવે પછીના તમામ સરકારી વેરાઓ, સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના વેરાઓ, શિક્ષણ ઉપકરણ, બેટરમેન્ટ ચાર્જીસ

વગેરે તમામ પ્રકારના વેરાઓ, ફાળાઓ, ચાર્જીસ ઈત્યાદી તમો એક તરફવાળાએ ભરપાઈ કરવાનાં રહેશે સહી.

મજકુર મિલકતના ટાઈટલ્સ તમોએ જાતે તથા તે બાબતોના નિષ્ણાંત જાણકારીધરાવનાર પાસે તપાસ કરી કરાવીને ખાતરી કરી કરાવીને જોઈ તપાસીને મજકુર મિલકત તમોએ વેચાણ રાખેલ છે.

તમો એક તરફવાળાને વેચાણ આપેલ મિલકત સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના દફતરે, સીટી સર્વે કચેરી તેમજ અન્ય સરકારી-અર્ધસરકારી કચેરીઓના દફતરે તમો એક તરફ વાળા તમારા નામ ઉપર દાખલ કરાવી લેજો. તે અંગે જરૂરી સહી, કબુલાત, મંજૂરી વગેરે અમો બીજી તરફવાળાએ આપવી સહી, તથા આ દસ્તાવેજ થકી અમારી તેવી કબુલાત, મંજુરી ગણાય સહી.

આ વેચાણ દસ્તાવેજનો તમામ ખર્ચ જેવો કે સ્ટાંપ ડયુટી, નોંધણી ફી, લખાણ ફી, તથા અન્ય પરચૂરણ ખર્ચ તમો એક તરફવાળાએ ભોગવેલ છે, ચૂકવેલ છે તથા ભોગવવાનો/ચૂકવવાનો રહેશે. ભવિષ્યમાં વધારાની સ્ટાંપ ડયૂટી, નોંધણી ફી, દંડ, વ્યાજ કે અન્ય ખર્ચાઓની જે કાંઈ રકમ ચૂકવવાની થાય તો તે તમામ રકમ/નાણાં તમો એક તરફવાળાએ ભરપાઈ કરવાના રહેશે સહી.

**–:: પરિશિષ્ટ ::–**

**–:: વેચાણ આપેલ મિલકતનું વર્ણન ::–**

રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ સુરત, સબડીસ્ટ્રીકટ તાલુકા સુરત સીટી (હાલ અડાજણ), ગામ મોજે **ઉત્રાણ**ના રે.સ.નં. **૧૫૪/૧, ૧૫૫**, બ્લોક નંબર : **૧૫૪**, **ટી.પી. સ્કીમ નં. ૨૭ (ઉત્રાણ–કોસાડ)**ના મુળખંડ નંબર : ૫૫, **ફાઈનલ પ્લોટ નંબર : ૬૧** થી નોંધવામા આવેલ બીનખેતીની જમીન ઉપર આવેલ **" એલીટા સ્કવેર "** ઈમારતના " .......... **ફલોર "** પર આવેલ **" દુકાન નંબર : ............ "** થી નોંધવામાં આવેલ મિલકત કે જેનું કુલ ક્ષેત્રફળ સુમારે **કાર્પેટ ...... ચોરસ મીટર ( બિલ્ટઅપ ...... ચોરસ મીટર )** છે, તે મિલકત તથા **" એલીટા સ્કવેર "** સંપુર્ણ ઈમારત તળેની જમીનના ફાળે પડતા વણવહેંચાયેલા હિસ્સા સહિત, તથા લાગતા વળગતા હકકો સહિતની. મજકૂર **" એલીટા સ્કવેર " ફાઈનલ પ્લોટ નંબર : ૬૧ "** ની ચર્તુ:સીમા નીચે મુજબ છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| પુર્વે | :- | રોડ | પશ્ચિમ | :- | ફાઈનલ પ્લોટ નંબર : ૧૭૫ |
| ઉત્તર | :- | રોડ | દક્ષિણ | :- | રોડ |

ઉપરની વિગતે આ વેચાણ દસ્તાવેજ અમો બીજી તરફવાળા વેચાણ આપનારાએ અમારી રાજીખુશીથી તથા અકકલ હોશિયારીથી, તન-મનની સ્વસ્થ, સાવધ અને બીનકેફી અવસ્થામાં, કોઈના કોઈપણ પ્રકારના દાબ-દબાણ, ધાક-ધમકી કે શેહશરમમાં આવ્યા વિના વાંચી, વંચાવી, સાંભળી, વિચારી, સમજી લઈને લખી આપેલ છે, કરી આપેલ છે. જે અમો બીજી કતરફવાળા ભાગીદારી પેઢી, ભાગીદારી પેઢીના હાલના તથા વખતોવખતના ભાગીદારો, એકિઝકયુટર્સ, એડમીનીસ્ટ્રેટર્સ, એસાઈનીઝ, અધિકૃત પ્રતિનીધિઓ ઈત્યાદિ તમામને એકામતે અને એકાજુથે કબુલ, મંજુર તથા બંધનકર્તા છે સહી અને રહેશે સહી.

અત્રે.................................................મતુ તત્રે.................................................શાખ

**અંજની ઈન્ફ્રા એ નામની ભાગીદારી પેઢી,**
**તેના વતી અને તરફે અધિકૃત વહિવટકર્તા**
**ભાગીદાર શ્રી મુકેશભાઈ ડુંગરભાઈ ડાલીયા**

:-........................................................ :-........................................................
(સાક્ષી)

:-........................................................
(સાક્ષી)

મિલકતનુ સરનામુ :- દુકાન નંબર : .........., " **એલીટા સ્કેવર** " ઉત્રાણ, સુરત.

વેચનારની સહી :-..............................................................................................................

ખરીદનારની સહીઃ-..............................................................................................................

| સહી | ફોટો | અંગુઠાનું નિશાન |
| --- | --- | --- |

–:: વેચનાર ::–

અંજની ઈન્ફ્રા એ નામની ભાગીદારી પેઢી,
તેના વતી અને તરફે અધિકૃત વહિવટકર્તા
ભાગીદાર શ્રી મુકેશભાઈ ડુંગરભાઈ ડાલીયા

સહી.............................................

અંજની ઈન્ફ્રા એ નામની ભાગીદારી પેઢી,
તેના વતી અને તરફે અધિકૃત વહિવટકર્તા
ભાગીદાર શ્રી મુકેશભાઈ ડુંગરભાઈ ડાલીયાના
કુલમુખત્યાર તરીકે
શ્રી રમેશભાઈ વિરજીભાઈ હુંમર

સહી.............................................

–:: ખરીદનાર ::–

શ્રી

સહી.............................................

**દસ્તાવેજ નંબર : ....................... તા. ..........................**

**॥ પરીશીષ્ટ ॥**

નોંધણી અધિનિયમ-૧૯૦૮ ની કલમ-૩૪ની પેટા કલમ-૩ મુજબનું ચેકલીસ્ટ

| અ.નં. | પ્રશ્ન | જવાબ(હા/ના) |
| --- | --- | --- |
| | **લખી આપનાર, સંમતિ આપનાર કે તેઓના કુલમુખત્યારને પુછવાના પ્રશ્નો** | |
| ૧ | લેખમાં દર્શાવ્યા મુજબ ઉત્રાણ ગામના બ્લોક નંબર : **૧૫૪, ટી.પી. સ્કીમ નં. ૨૭ ફા. પ્લોટ નંબર : ૬૧** વાળી બીનખેતીની જમીન ઉપર આવેલ " **એલીટા સ્કેવર** " ઈમારતના " .......... **ફ્લોર** " પર આવેલ " **દુકાન નંબર** : ............ " વાળી મિલકતનો **વેચાણ દસ્તાવેજ** કરી આપેલ છે.? | |
| ૨ | લેખમાં દર્શાવ્યા મુજબ **દુકાન નંબર** : .......... જેનું **કાર્પેટ ક્ષેત્રફળ** ......... **ચો.મી.** નો લેખ કરી આપેલ છે.? | |
| ૩ | લેખમાં દર્શાવ્યા મુજબની વિગતે અવેજની રકમ પેઢીને મળેલ છે.? | |
| ૪ | લેખમાં દર્શાવેલ વિગતો વાંચી, વંચાવીને, સમજી, વિચારીને તમે પોતે/કુ.મુ. તરીકે જાતે જ સહી/અંગુઠાની છાપ કરેલ છે.તે તમે કબૂલ રાખો છો.? | |
| ૫ | ઓળખાણ આપવા સારૂ તમને ઓળખતા હોય તેવી વ્યકિતઓ સાથે લાવ્યા છો. ? | |
| | **ઓળખાણ આપનારને પુછવાના પ્રશ્નો** | |
| ૧ | દસ્તાવેજ લખી આપનાર વ્યકિત/ઓ કે જેઓએ કબુલાત આપી તેઓને તમે જાતે ઓળખો છો. ? | |
| ૨ | દસ્તાવેજ માં લખેલ નામ અને કબુલાત આપનાર વ્યકિત/ઓ એક જ છે. ? | |
| ૩ | કોઈ વ્યકિતએ ખોટું નામ ધારણ કરીને કબુલાત આપી નથી એવી તમે ખાતરી આપો છો ? | |

**અંજની ઈન્ફ્રા એ નામની ભાગીદારી પેઢી,**
**તેના વતી અને તરફે અધિકૃત વહિવટકર્તા**
**ભાગીદાર શ્રી મુકેશભાઈ ડુંગરભાઈ ડાલીયાના**
**કુલમુખત્યાર તરીકેશ્રી**
**શ્રી રમેશભાઈ વિરજીભાઈ હુંમર ની સહી.**

**ઓળખાણ આપનાર ની સહી**

**સબરજીસ્ટ્રાર : સહી**